ફા. ૨૬૯ ૩

S. J. & E. DEPTT.
20 AUG 2022
IWDMS No. 28683

રાજય સરકારની તમામ પ્રકારની એસ.ટી.બસોમાં દિવ્યાંગ વ્યક્તિઓને વિના મૂલ્યે મુસાફરીની યોજના બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:અપગ/૧૦૨૦૦૩/૧૬૬/છ.૧
સચિવાલય, ગાંધીનગર
તા.૧૭/૦૮/૨૦૨૨.

વંચાણે લીધા:-

(૧) સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવ ક- અપગ/૧૦૯૦/નં.૮/છ, તા.૦૪/૦૭/૧૯૯૧,

(૨) સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવ ક – અપગ/૧૦૯૧/મુ.મ.૪૧/છ, તા.૧૮/૦૧/૧૯૯૨.

(૩) સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવ ક:અપગ/૧૦૯૬/૨૭૯/છ,તા.૦૧/૦૭/૧૯૯૮,

(૪) આ વિભાગનો ઠરાવ ક- અપગ/૧૦૨૦૦૩/૧૬૬/છ-૧, તા.૨૫/૦૫/૨૦૦૫,

(૫) આ વિભાગનો ઠરાવ ક- અપગ/૧૦૨૦૦૩/૧૬૬/છ-૧, તા.૨૦/૦૬/૨૦૦૭,

(૬) આ વિભાગનો સરખા ક્રમાંકનો ઠરાવ, તા.૨૧/૦૪/૨૦૧૬,

(૭) આ વિભાગનો ઠરાવ ક – અપગ/૧૦૨૦૧૮/૭૦૪૭૬૨/છ-૧, તા.૨૭/૧૨/૨૦૧૯,

**પ્રસ્તાવના:-**

દિવ્યાંગ વ્યક્તિઓને અભ્યાસ, સારવાર, નોકરી, ધંધાના સ્થળે અને અન્ય સામાજિક કારણસર ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમની (GSRTC) બસોમાં પ્રવાસ કરવા સારૂ વિના મૂલ્યે મુસાફરી કરવાની યોજના તત્કાલિન સમાજ કલ્યાણ વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક: અપગ/૧૦૯૦/ન.૮/છ, તા.૦૪/૦૭/૯૧ થી તેમજ માનસિક પડકારિતાવાળા અને મૂકબધિર વ્યક્તિઓની યોજના સમાજ કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક: અપગ/૧૦૯૧/મુ.મ./૪૧/છ, તા.૧૮/૦૧/૧૯૯૨ થી અમલમાં આવેલ છે, ત્યાર બાદ તેમાં વખતોવખત આવક મર્યાદા તથા અન્ય બાબતોમાં સુધારા વધારા કરવામાં આવેલ છે. જેમાં ઉપર વંચાણે લીધેલ ક્રમ-(૪) સામેના ઠરાવથી દિવ્યાંગ ઓળખપત્રની મુદ્દત પાંચ વર્ષની અને છેલ્લે ઉપર વંચાણે લીધેલ ક્રમ-(૫) સામેના ઠરાવથી વાર્ષિક આવકમર્યાદા રૂ.૨.૫૦ લાખ ઠરાવવામાં આવેલ હતી. વંચાણે લીધા ક્રમ-(૬) ના તા.૨૧/૦૪/૨૦૧૬ ના ઠરાવથી આવકમર્યાદાની જોગવાઇ રદ કરેલ હતી તથા RPwD Act,2016 આવ્યા બાદ વિભાગના વંચાણે લીધા ક્રમ-(૭) ના તા.૨૭/૧૨/૨૦૧૯ ના ઠરાવથી નવી ઉમેરાયેલ દિવ્યાંગતા ધરાવતી

વ્યક્તિઓને પણ લાભ આપવાનું ઠરાવેલ હતું. ત્યારબાદ રાજયના વિવિધ પદાધિકારીઓ તથા અરજદારો દ્વારા દિવ્યાંગોને GSRTC ની બસમાં રાજય બહાર મુસાફરી કરવા છતાં રાજયની અંદર આવેલા છેલ્લા બસ સ્ટેશન સુધી જ લાભ મળતો હોવાની રજૂઆત કરીને આ લાભ રાજય બહાર આવેલા GSRTCની બસરૂટના આખરી સ્ટેશન સુધી લંબાવવા માટે રજૂઆતો કરેલ હતી.

## ઠરાવ:-

આથી પુખ્ત વિચારણાને અંતે ઠરાવવામાં આવે છે કે, દિવ્યાંગોને GSRTC ની તમામ બસોમાં રાજય બહાર મુસાફરીના કિસ્સામાં બસરૂટના રાજય બહાર આવેલા અંતિમ સ્ટેશન સુધી ઉકત મફત મુસાફરીની યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

(૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષાને GSRTC સાથે સંકલનમાં રહી મોનીટરીંગની વ્યવસ્થા ગોઠવવાની રહેશે તથા

(૨) આ અંગેનો ખર્ચ અંદાજપત્રીય જોગવાઇની મર્યાદામાં કરવાનો રહેશે.

(3) આ સિવાય યોજનાની અન્ય શરતો યથાવત રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જી.પી.પટેલ)
સંયુકત સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- * માન.રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી / રાજયકક્ષાના મંત્રીશ્રીઓનાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, બ્લોક નં.૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (નાણા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અ.મુ.સચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- સચિવાલયના સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર.
- ઉપાધ્યક્ષ અને મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ, મધ્યસ્થ કાર્યાલય, રાણીપ બસ ટર્મીનલ પાસે, અમદાવાદ.
- વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રી , બ્લોક નં.૧૬, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- માહિતી કમિશનરશ્રી, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર... બહોળી પ્રસિધ્ધિ આપવાની વિનંતી સાથે.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, બ્લોક નં-૧૬, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર... બહોળી પ્રસિધ્ધિ આપવાની વિનંતી સાથે.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફ્તેઃ નિયામકશ્રી (સ.સુ.)) .
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ / રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
- સર્વે શાખાઓ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.
- સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સા.ન્યા. અને અધિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટમાં છ-૧ શાખાના ઠરાવોની યાદીમાં સામેલ કરવાની વિનંતી સાથે.
- ના.સે.અ. સિલેક્ટ ફાઇલ.
- શાખા સિલેક્ટ ફાઇલ-૨૦૨૨

* પત્ર મારફત